**મે. વિજાપુરના અધિક ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ. વિજાપુર, જી. મહેસાણા**

ફોજદારી પરચુરણ અરજ નંબર : ૧૭૨/૨૦૨૫
આંક:–

**અરજદાર :–** **ગોસ્વામી અરૂણાબેન અશોકગીરી,ઉ.આ.વ.પર**
રહે. ગુંછળી, તા.વિજાપુર, જિ.મહેસાણા.

**:: વિરૂઘ્ધ::**

**સામાવાળાઓ :–** (૧) તલાટી કમ મંત્રીશ્રી,
મોરવાડ ગ્રામ પંચાયત, મુ.મોરવાડ
તા. વિજાપુર, જિ.મહેસાણા.

(૨) શ્રી ત્રિભોવનદાસ ગંગારામ ભાયચંદદાસ પટેલ
યુ.બી. વિદ્યાલય શ્રીમતી સીતાબેન ચીમનભાઈ પટેલ
યુ.યુ.બી વિદ્યાલય, મોરવાડ,
તા. વિજાપુર, જિ.મહેસાણા.

**બાબત:–ગુજરાત સેકન્ડરી એજ્યુકેશન એકટ ૧૯૭૪ કલોઝ ૬ રેગ્યુલેશન ૧૨(એ)મુજબ....**

---

**અરજદાર તર્ફે:** વિ.વ. **શ્રી આર.એમ. બારોટ**
**સામાવાળાઓ તર્ફે:** વિ.વ. શ્રી : કોઈ નથી.

---

**–: ઠ રા વ:–**

(૧)... અરજદારે હાલની અરજી ગુજરાત એજ્યુકેશન સેકન્ડરી રૂલ્સ– ૧૨(એ) કલોઝ–(૬) મુજબ દાખલ કરી અરજીમાં એવી દાદ માંગેલ છે કે, અરજદારના દિકરા ગોસ્વામી વિશ્વાસગીરી હસમુખગીરી ઉર્ફે જેઠાગીરીનાએ સામાવાળા નં.૨ શ્રી ત્રિભોવનદાસ ગંગારામ ભાયચંદદાસ પટેલ યુ.બી. વિદ્યાલય શ્રીમતી સીતાબેન ચીમનભાઈ પટેલ યુ.યુ.બી વિદ્યાલય, મોરવાડ,તા. વિજાપુર, જિ.મહેસાણા ખાતે અભ્યાસ કરેલો. અરજદારના દિકરાના સ્કુલ લીવીગ સર્ટી નં.૧૫૮૫ તથા જનરલ રજીસ્ટર નં. ૧૪૪૩ માં અરજદારના દિકરાનું નામ ગૌસ્વામી વિશ્વાસગીરી લખાયેલ છે, જે ખોટું છે

જયારે અરજદારના દિકરાના જન્મના પ્રમાણપત્રમાં અરજદારના દિકરાનું નામ **ગોસ્વામી વિશ્વાસગીરી હસમુખગીરી ઉર્ફે જેઠાગીરી** લખાયેલ છે, જે સાચું છે. જેથી શાળાના જનરલ રજીસ્ટ્રરમાં સુધારો કરવા માટે અરજદારે હાલની અરજી ગુજરાત એજ્યુકેશન સેકન્ડરી રૂલ્સ– ૧૨(એ) કલોઝ–(૬) મુજબ દાખલ કરેલ છે.

(૨)... અરજદાર તર્ફે દાખલ કરેલ અન્ય અરજી વંચાણે લીધેલ છે. આ કામે સામાવાળા નં.૧ થી ૨ નાઓને સમન્સની બજવણી થઈ ગયેલ અને સમન્સ બજતા સોગંદનામું આવેલ છે, સદરહુ અરજી સાથેની સંબંધિત જોગવાઈઓ વંચાણે લીધેલ છે. બંને પક્ષની રજૂઆત સાંભળેલ છે. હાલની અરજી મુજબ અરજદારના દિકરા ગોસ્વામી વિશ્વાસગીરી હસમુખગીરી ઉર્ફે જેઠાગીરીનાએ સામાવાળા નં.૨ શ્રી ત્રિભોવનદાસ ગંગારામ ભાયચંદદાસ પટેલ યુ.બી. વિદ્યાલય શ્રીમતી સીતાબેન ચીમનભાઈ પટેલ યુ.યુ.બી વિદ્યાલય, મોરવાડ,તા. વિજાપુર, જિ.મહેસાણા ખાતે અભ્યાસ કરેલો. અરજદારના દિકરાના સ્કુલ લીવીગ સર્ટી નં.૧૫૮૫ તથા જનરલ રજીસ્ટર નં. ૧૪૪૩ માં અરજદારના દિકરાનું નામ ગૌસ્વામી વિશ્વાસગીરી લખાયેલ છે, જે ખોટું છે જયારે અરજદારના દિકરાના જન્મના પ્રમાણપત્રમાં અરજદારના દિકરાનું નામ **ગોસ્વામી વિશ્વાસગીરી હસમુખગીરી ઉર્ફે જેઠાગીરી** લખાયેલ છે, જે સાચું છે. તે મુજબ સામાવાળા શાળા છોડયાનું નવીન પ્રમાણપત્ર કાઢી આપે તે માટે વિગતવાર રજુઆત કરેલ છે, તથા આંક–૦૪ થી રજૂ રાખેલ સોગંદનામું વંચાણે લીધુ.

(૩)... આ કામમાં અરજી દાખલ કર્યા બાદ સામાવાળાને નોટીસ કાઢતા તેને બજી ગયેલ છે ત્યાર બાદ, અરજદારે તથા સામાવાળાએ આ કામમાં હાલની અરજી માટે નીચે મુજબનો પુરાવો રજુ કરેલ છે.

| **અ.નં** | **આંક** | **વિગત** |
|---|---|---|
| ૧ | ૦૪ | અરજદાર ગોસ્વામી અરૂણાબેન અશોકગીરીનું સરતપાસનું સોગંદનામું |
| ૨ | ૦૫ | સામાવાળા નં.૧ તર્ફે પટેલ પાયલબેન બાબુભાઈનું સરતપાસનું સોગંદનામું |
| ૩ | ૦૬ | સામાવાળા નં.૩નાએ રજૂ કરેલ જન્મ/મરણ રજીસ્ટરનાં ઉતારાની નકલ |

| | | |
|---|---|---|
| ૪ | ૦૮ | સામાવાળા નં.૨ તર્ફે પ્રજાપતિ દિપકકુમાર રમણભાઈનું સરતપાસનું સોગંદનામું |
| ૫ | ૦૯ | અરજદારના દિકરાના શાળા છોડયાના પ્રમાપણપત્રની નકલ |
| ૬ | ૧૦ | અરજદારના દિકરાના શાળાના જનરલ રજીસ્ટરનાં ઉતારાની નકલ |
| ૭ | ૧૫ | અરજદારના પિતાના મરણના દાખલાની નકલ |
| ૮ | ૧૬ | અરજદારના દિકરાના શાળા છોડયાના પ્રમાપણપત્રની નકલ |
| ૯ | ૧૭ | અરજદારના દિકરાના જન્મના પ્રમાણપત્રની નકલ |
| ૧૦ | ૧૮ | કલોઝીંગ પુરશીસ |

ગુજરાત એજયુકેશન સેકન્ડરી રૂલ્સની કલમ–૧૨(એ) કલોઝ–(૬)વંચાણે લીધી. એકવાર બાળક શાળા છોડે ત્યાર બાદ, તેના સ્કુલના રેકર્ડમાં મેજીસ્ટ્રેટશ્રીના હુકમ વગર સુધારો કરી શકતા નથી તેવા પ્રકારની જોગવાઈ આવેલ છે.

વધુમાં આ કામે નીચે મુજબની જે ઓથોરીટીઓ છે તે ધ્યાને લેતાં,

*(૧) ૨૦૦૯(૧) જી.એલ.આર. પાન નં.૨૩૭ અપર્ણાબેન કૃણાલ શાહ વિ.રીજીઓનલ પાસપોર્ટ ઓફીસ*

*(૨) એ.આઈ.આર. ૨૦૦૯ ગુજરાત પાન નં.૫૯,*

*રીજીઓનલ પાસપોર્ટ ઓફીસ વિ.*

*કોકીલાબેન જશંવતલાલ પંચાલ*

*(૩) ૨૦૦૮(૩) જી.સી.ડી.૧૭૬૮(ગુજરાત)*

*નીતાબેન. એન.પટેલ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત.*

*(૪) એન.એસ.ઠકકર વિરુધ્ધ ગુજરાત સેકન્ડરી એજયુકેશન*

*રૂલ્સ જી.એલ.આર.૨૦૦૭(૩) પેજ નં.૨૨૭૬*

ઉપરોકત ઓથોરીટીઓમાં ના. ગુજરાત હાઈકોર્ટે નીચે મુજબના સિધ્ધાંત ઠરાવેલ છે.

(i) જયારે જન્મ રજીસ્ટરમાં કરવામાં આવેલ નોંધ તથા સ્કુલ લીવીગ સર્ટીફીકેટમાં કરવામાં આવેલ નોંધમાં ફેર હોય ત્યારે જન્મ રજીસ્ટરમાં કરવામાં આવેલ નોંધને વધુ પ્રાધાન્યતા આપવી જોઈએ. સદર ઓથોરીટીમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ આ કોર્ટને અરજદારનું નામ, જન્મ તારીખ, જન્મ સ્થળ વિગેરેમાં નોધણીમાં થયેલ ભૂલ અંગે યોગ્ય તપાસ કરી સાચી જન્મ તારીખ, જન્મ સ્થળ, નામ વિગેરે જાહેરાત કરવાનો અધિકાર પહોંચે છે, તેવુ મારૂ નમ્ર પણે માનવુ છે,

આ સંજોગોમાં હાથ ઉપરના કેસમાં જે સુધારો માંગેલ છે તે અરજદારના દિકરા ગોસ્વામી વિશ્વાસગીરી હસમુખગીરીના જન્મના પ્રમાણ પત્રમાં અરજદારના દિકરાનું નામ ગોસ્વામી વિશ્વાસગીરી હસમુખગીરી ઉર્ફે જેઠાગીરી લખાયેલ છે, જે સાચું છે, જે આ કામે આંક–૧૭ થી રજૂ છે. જેથી અરજદારના દિકરાના સ્કૂલ લીવીંગ સર્ટીફીકેટમાં કોલમ નં.૧ માં નામ ગોસ્વામી વિશ્વાસગીરી અશોકગીરી સુધારવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ છે. આ સંજોગોમાં અરજદારની અરજીની હકીકતોને માંગ્યા મુજબ સુધારો કરવા દસ્તાવેજી તથા મૌખિક પુરાવો નિગાહે લેતાં તે હકીકતને સોગંદનામાંથી પણ સમર્થન આપેલ છે, તથા તેવી હકીકતો જયારે કોર્ટ સમક્ષ સોગંદ પર આપેલ છે તેને સમર્થનકારી દસ્તાવેજી પુરાવા પણ મળેલ છે ત્યારે તેને નહીં માનવાનું કોઈ કારણ રહેતું નથી. તે સંજોગોમાં રજુ કરેલ પુરાવાઓ પરથી કાયદાની કલમની જોગવાઈ મુજબ અરજીની સત્યતા તપાસતા સાચી જણાય છે, આ કામે અરજદારના દિકરાના શાળા છોડયાના પ્રમાણ પત્રની નકલ આંક–૧૬ થી રજૂ છે, જે જોતાં સ્કુલ લીવીગ સર્ટીફીકેટમાં સુધારો કરવો ન્યાયોચિત જણાતો હોઈ,

**નામનાં કોલમમાં ગોસ્વામી વિશ્વાસગીરી હસમુખગીરી ઉર્ફે જેઠાગીરી** મુજબનો સુધારો કરવા સામાવાળા નં. ૨ ને હુકમ કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાય તેમ હોય નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

–:: **<u>આખરી હુકમ</u>** ::–

- અરજદારની અરજી **મંજૂર** કરવામાં આવે છે.
- ધી ગુજરાત સેકન્ડરી એજયુકેશન રેગ્યુલેશન, ૧૯૭૪ ના વિનિમય નં.૧૨–ક–૬ મુજબ આથી **<u>પ્રમાણપત્ર આપવામાં આવે છે કે</u>**, અરજદારના દિકરાનું નામ **ગોસ્વામી વિશ્વાસગીરી હસમુખગીરી ઉર્ફે જેઠાગીરી** અરજદારના દિકરાના જન્મના પ્રમાણપત્ર મુજબ સાચું છે.
- ઉપરોકત મુજબનું પ્રમાણ પત્ર ઈશ્યુ કરી અરજદારને આપવું.
- ઉપરોકત પ્રમાણપત્ર રજુ થયેથીસામાવાળા નં.ર શ્રી ત્રિભોવનદાસ ગંગારામ ભાયચંદદાસ પટેલ યુ.બી. વિદ્યાલય શ્રીમતી સીતાબેન ચીમનભાઈ પટેલ યુ.યુ.બી વિદ્યાલય, મોરવાડ,તા. વિજાપુર, જિ.મહેસાણાના જવાબદાર અધિકારીશ્રી અરજદારના દિકરા **ગોસ્વામી વિશ્વાસગીરી હસમુખગીરી ઉર્ફે જેઠાગીરી**ના સ્કુલ **લીવીગ સર્ટી નં.૧૫૮૫** તથા **જનરલર જીસ્ટર નં.૧૪૪૩** માં નિયમાનુંસરનો સુધારો કરી શકશે.

ઉપરોકત હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૯–૦૩–૨૦૨૬
સ્થળ: વિજાપુર

**(ધર્મેન્દ્રકુમાર અશોકભાઈ પટેલ)**
એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
વિજાપુર જી.જે.૦૧૨૨૮